# સુરતમાં યુનિ. બનાવવા ડો. ફારૂક પટેલનો સંકેત

## શિક્ષણમંત્રી પાનસેરિયા વડાપ્રધાનને લાવી યુનિ.નું ઉદ્દઘાટન કરે તેવી અભિલાષા વ્યક્ત કરી




સુરત, તા.૨૪

ધી સુરત ડિસ્ટ્રીકટ મુસ્લિમ એજયુકશન સોસાયટી સંચાલિત તમામ શાળાઓમાં આધુનિક પદ્ધતિથી અભ્યાસ કરી શકે તે આશયથી સોસાયટી તરફથી આજના આધુનિક યુગમા ચાલતી ડીજિટલ ટેકનોલોજી તેમજ ઈન્ટરનેટની સુવિધા સાથેના સ્માર્ટ કલાસ, સાયન્સ લેબ, આધુનિક કોમ્પ્યુટર લેબ, ફેશન ડિઝાઈનીંગ કલાસ તેમજ નર્સરીના બાળકો માટે અદ્યતન સુવિધા ઉપલબ્ધ કરેલ છે તે બાબતમાં પટાંગણના કાર્યક્રમ ઉપસ્થિત કે.પી.ગ્રૃપના સીએમડી અને એંગ્લો ઉર્દુ એડવાઈઝરી બોર્ડના ચેરમેન ડો.ફારૂકભાઈ પટેલે રાજય કક્ષાના શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાનો હાથ ઝાલી ઉપસ્થિત ઉદ્યોગપતિને સંબોધી જણાવ્યું હતું કે, શિક્ષણ એ તમામ લોકોનો અવિભાજય અંગ છે, માટે જે પ્રાપ્ત કરવું જરૂરી છે. માટે ઈલ્યાસ-ભા, નસીમભાઈ કાદરી, આસીફભાઈ, અફરોઝભાઈ, સહિતના લોકો સાથે એક નિર્ણય લઈ ખુબ જ નજીકના દિવસોમાં જેવી રીતે એંગ્લો ઉર્દુ શાળામાં ૬૫૦૦ બાળકો અભ્યાસ કરે છે તેવી રીતે ટૂંકા દિવસોમાં સુરતમાં યુનિ. બનાવવા પ્રયાણ કરી રહ્યાં છે અને તેઓને આશા છે કે નજીકના દિવસોમાં જ શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ, આપણા દેશના વડાપ્રધાનને લાવીને તે યુનિ.નું ઉદ્દઘાટન કરશે એવી એમણે અભિલાશા વ્યક્ત કરી ટૂંકા દિવસોમાં યુનિ. બનાવવા તરફના સંકેત આપ્યા હોવાનું કે.પી.ગ્રૃપના સીએમડી ડો.ફારૂકભાઈ પટેલે જણાવતાં હાજર સૌ કોઈ શિક્ષણ બૃદ્ધિજીવીઓએ તેમની આ વિશાળ વિચારધારા, સાહસિક પગલાને તાળીઓના ગળગળાટથી વધાવી લીધો હતો.

# મુસ્લિમ એજ્યુ. સોસા. દ્વારા અદ્યતન સુવિધા



સુરત । ધી સુરત ડિસ્ટ્રીકટ મુસ્લિમ એજયુકશન સોસાયટી સંચાલિત તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓ આધુનિક પદ્ધતીથી અભ્યાસ કરી શકે તે આશયથી સોસાયટી તરફથી ડીજીટલ ટેકનોલોજી તેમજ ઈન્ટરનેટની સુવિધા સાથેના સ્માર્ટ ક્લાસ, સાયન્સ લેબ, આધુનિક કોમ્પ્યુટર લેબ, ફેશન ડિઝાઈનીંગ કલાસ તેમજ નર્સરીના બાળકો માટે અદ્યતન સુવિધા ઉપલબ્ધ ક્લાસનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.